# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

છે નર્યું ચિત્રણ હજુ વરસાદ નથી;
આપણું સગપણ હજુ વરસાદ નથી.

જળ ભરેલો એ ઘડો ફૂટ્યો નથી;
આપની સમજણ, હજુ વરસાદ નથી.

માછલીની આંખમાં ચોમાસું છે;
ક્યાં હશે વીંધણ ?- હજુ વરસાદ નથી.

જાય પણ ક્યાં એ નદી રસ્તા વિના;
પૂછ ના કારણ, હજુ વરસાદ નથી

- રાધિકા પટેલ

## પાથેય

- રમેશ ઠક્કર

# ચોમાસાની ચાર પળ...

પરાણે નીતરતો હોય એવા ભાવ સાથે શ્રાવણ પુરો થયો..છેલ્લે કેટલાક દિવસથી એણે તુટકતુટક વરસવાનું ચાલુ રાખેલું..પણ આખરે તો એ ફસકી જ પડ્યો..કોઇ ઘટાટોપ,કોઇ હેલી, કે કોઇ એવો મોટો ગડગડાટ જાણે જોવા જ ના મળ્યો..શ્રાવણની આખરી રાતે રણપ્રદેશના રળિયામણા નગરની એકાકી અટારીએ હું બેઠો છું..આકાશનો રંગ પારખવો મુશ્કેલ છે...પણ એમાં ભીનાશ તો હવે નથી જ એટલું ચોકક્સ કહી શકું છું..

આવી વિફળતા કેવળ વરસાદની જ હોય છે એવું નથી..માણસ માટે પણ આ સહજ છે.જીવન છે તો ચડઉતર રહેવાની જ..મને તો જો કે આ બધું કોઠે પડી ગયું છે..કભી ખુશી કભી ગમ..ઘણીવાર એકધારા દિવસોની પ્રતિક્ષા પછી પણ ગમતી વસ્તુ ના મળે..કોઇ પરિચિત વ્યકિત કારણવગર દૂર થઈ જાય..એ તો ઠીક પણ ચોમાસું છેહ આપે એ ઘટના એટલી સહેલી નથી હોતી !

અષાઢની ઉણપ ઘણીવાર શ્રાવણ સરભર કરી દેતો હોય છે..અને એની પોતાની પણ એક ત્રમઝટ હોય છે..જીવનના ચાર ખંડોની માફક ચોમાસાના પણ ચાર હિસ્સા છે..ઉઘાડનો ઇલમ જેની પાસે છે એ અષાઢ કે આકાશના ઘટાટોપને શણગારવાનો જાદૂ જેની પાસે છે એ સાવન..જો એ જ તાપ વધારે તો કોને કહેવું ? આસ્થાની સરહદ જેવી આવી પરિસ્થિતિ આપણને ક્ષિતિજોનો અનોખો મર્મ સમજાવી જાય છે..

અડધે રસ્તે જેમ હવે આપણે અડધે ચોમાસે છીએ..રણપ્રદેશની એક આગવી અનુકૂલન શકિત હોય છે..વહેલી સવારે પથરાઇ જતી એની ઝાકળની ચાદર આપણને વરસાદી ફોરાંનો અનુભવ કરાવી જાય છે..આવી તો કેટલીય નિરાશાની પળો રેતની આ વિરાસત પચાવીને બેઠી છે..ખારાશ જ્યાં જીવનનો ઉજાસ બની જાય એ જ મરૂભૂમિનો જીવનસાર હોય છે..

એક સરસરા સ્પર્શ સાથે રણ મારામાં ઝણઝણે છે..એની અફાટ ધરતી ઉપર લ્હેરાતી આછીપાતળી વનરાજી કે આડેધડ ફેલાઇ જતા બાવળની પેશકદમી સૂકી ધરતીને એક ઓળખ આપે છે..વિકટ સમય આપણને એહસાસ કરાવી જાય છે આપણી ભીતરના વૈભવનો..પલળવાના આશાવાદ માટે હજુ કોઇ પૂર્ણવિરામ નથી..ચોમાસાની ચાર પળ પણ પૂરતી હોય છે કોરાધાકોર આકાશને ભીંજવી દેવા માટે !

# હિન્દી ભાષાની સર્વસ્વિકૃતિ જરૂરી છે

તંત્રીસ્થાનેથી...

ગાંધીજી અને પંડિત જવાહરલાલ નહેરુ કે સરદાર પટેલના સમયથી બિચારી હિંદીને રાષ્ટ્રભાષા બનવાના હેવા ઉપડેલા છે પણ એક યા બીજા કારણસર તે એ લક્ષ્યાંક સિદ્ધ કરી શકી નથી. પંડિત જવાહરલાલ નહેરુએ ૧૪ સપ્ટેમ્બર, ૧૯૪૯ના દિવસે હિંદીને રાજભાષા તરીકેનો દરજ્જો આપ્યો એની યાદમાં આ દિવસ રાજભાષા દિવસ અથવા હિંદી દિવસ તરીકે આપણા દેશમાં ઊજવાતો રહ્યો છે. જો કે એ માત્ર એક કર્મકાંડ બની ગયો છે અને રાષ્ટ્રીય કે સરકારી પ્રતિષ્ઠાનોના દરવાજા આગળ એક હોર્ડિંગથી વધુ એનું મહત્વ રહ્યું નથી. યુનાઈટેડ નેશન્સ દ્વારા ૧૦ જાન્યુઆરીનો દિવસ હિંદી દિવસ તરીકે મુકરર થયો તે પછી આ બે દિવસો પૈકી કયો દિવસ માન્ય કરવો એ મુદ્દે ભારતીય પ્રજા અવઢવ પણ અનુભવે, પરંતુ પ્રજાને ભાષા, રાજભાષા કે રાષ્ટ્રભાષા સાથે ઝાઝું સ્નાનસૂતક નથી હોતું. હા, પ્રાદેશિકતાના મુદ્દે કયારેક પ્રજા ભાષાના મુદ્દે ઝનૂને ચડી શકે છે અને દક્ષિણનાં રાજયો હિંદીને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારવાનો ઈનકાર કરી હિંદી ફિલ્મો જાણતાં અને બનાવતાં હોવા છતાં હિંદીને બદલે માતૃભાષામાં જ વાત કરવાનું કાં તો વિકલ્પે જેવી આવડે એવી ગુલામીની પ્રતીક સમી માતૃભાષા - અંગ્રેજીમાં વ્યવહાર કરવાનું છે જ. તેથી ત્યાં મરાઠી સાહિત્યકારોનો પણ ભારે દબદબો છે. હાસ્યકાર પુ.લ. દેશપાંડેના અવસાન વખતે આખું મહારાષ્ટ્ર હીબકે ચડી શકે છે. એવો જ માતૃભાષા પ્રત્યેનો ભાવ બંગાળની પ્રજામાં છે. રવીન્દ્રનાથ અને કાજી નજરૂલ ઈસ્લામ દેશના કોઈ પણ નેતા કરતાં બાંગ્લા પ્રજા માટે હૈયાવગા છે. ભાષાના પ્રશ્ને તો મુસ્લિમોની બહુમતી ધરાવતું પૂર્વ પાકિસ્તાન એની ઓળખ ગુમાવીને સ્વતંત્ર બાંગ્લાદેઓશમાં ફેરવાઈ ગયું હતું. એની સ્મૃતિવંદના લેખે યુનાઈટેડ નેશન્સ વિશ્વ માતૃભાષા દિવસની ઊજવણી કરે છે તે સર્વવિદિત છે. ભારત જેવા વિશાળ દેશમાં અનેક ભાષાઓ હોય અને બાર ગાઉએ બોલી બદલાય - એ વ્યાખ્યા મુજબ અસંખ્ય ઉપભાષાઓ પણ વિકસી હોય તે સ્વાભાવિક છે. પરંતુ હિંદી સૈકાઓથી 'સેતુભાષા' રહી છે એનું એક કારણ એ કે તે સાધુ સંતોની ભાષા છે. કબીરના વખતમાં એને 'સધુક્કડી' કહેતા હતા.દક્ષિણમાં એ 'દખ્ખણી' તરીકે વિકસી હતી. ફારસી મોગલકાળની રાજભાષા હતી તે દેશી વ્રજ-અવધી-મૈથિલી જેવા હિંદીના વિવિધ સ્વરુપો સાથે ભળીને જે ભાષા બની તે હિંદી. એને મહર્ષિ દયાનંદે સૌ પ્રથમ 'દેશભાષા' તરીકે સ્વીકારી અને પોતાનો ધર્મગ્રંથ 'સત્યાર્થ પ્રકાશ' સંસ્કૃતમાં લખવાના વિદ્વાનોના આગ્રહને અવગણીને લોકો સમજી શકે એવી હિંદીમાં લખ્યો. ગાંધીજીએ આ ભાષાના માનક સ્વરુપને વિકસાવી 'હિંદુસ્તાની'માં ફેરવવા મથામણ કરી અને એ માત્ર વિદ્વાનોની ભાષા ન રહેતાં દેશની આમ જનતાની ભાષા બની રહે એવો આગ્રહ રાખ્યો હતો. જો કે સેતુભાષા તરીકે સર્વજન સુલભ હોવા છતાં એને 'રાષ્ટ્રભાષા' તરીકે સ્થાપિત કરવાના પ્રયત્નો પર તમિલ સહિતની અનાર્ય ભાષાઓના આક્રમણને કારણે ઠંડુ પાણી રેડાઈ ગયું. ખુદ ગાંધીજીના વેવાઈ અને હિંદીના પ્રબળ સમર્થક સી. રાજાગોપાલાચારી ફરી ગયા, એટલું જ નહીં, બંગાળી ભાષાના વિદ્વાન સુનીતિકુમાર ચેટરજી પણ હિંદી વિરોધમાં સૂર પુરાવવા લાગ્યા એથી હિંદીન ફક્ત રાજભાષાના દરજ્જા સાથે અંગ્રેજીને પણ એ જ દરજ્જો અપાયો જે કાળક્રમે પંદરેક વર્ષ બાદ નાબૂદ કરવાનો હતો પણ દક્ષિણ ભારતીય રાજયોના વિરોધને કારણે કરી શકાયો નથી ! આમાં સૌથી વધારે વાંક આઈએએસ લોબીનો છે જે અંગ્રેજીથી ટેવાયેલી છે અને હિંદીની પારિભાષિક શબ્દાવલી એને અઘરી લાગે છે. કેવી કમનસીબી છે કે વિશ્વમાં ત્રીજા નંબરે સૌથી વધારે બોલાતી અને પહેલા નંબરે સૌથી વધારે સમજાતી હિંદી એના પોતાના દેશમાં 'રાષ્ટ્રભાષા' તો દૂર, રાજભાષા તરીકે પણ ઓરમાન વર્તનનો સામનો કરી રહી છે ! દેશના ગૃહમંત્રીની ઉપસ્થિતિમાં બે દિવસનો રાજભાષા પરિસંવાદ સુરત ખાતે યોજાયો છે. હિંદી અને પ્રાદેશિક ભાષાઓ હાઈકોર્ટ-હાઈકોર્ટના પ્રાંગણમાં કયારે પ્રવેશી શકશે તે સવાલ ખુદ ચીફ જસ્ટીસને પજવતો રહ્યો છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એની ગોષ્ઠીમાં કોર્ટની કાર્યવાહી પ્રાદેશિક ભાષાઓમાં થાય એનો આગ્રહ સેવે છે. વો દિન કહાં કિ....!!! (આખો રૂઢિપ્રયોગ આમ છે : ... કિ મિયાં કે પાંવ મેં જૂતી ?'

# જે વર્તમાનને ન્યાય આપી શકતો નથી તે ભવિષ્યને અન્યાય કરે છે




પરમેશ્વર તો પહેલું પૂછશે
કોઈનું સુખ દુઃખ પૂછ્યું'તું
દર્દ ભરેલી આ દુનિયામાં,
કોઈનું આંસુ લૂંછ્યુ'તું?
કબૂતરોનું ઘૂ...ઘૂ...ઘૂ...,
ઉંદર ચકલા ચૂ...ચૂ...ચૂ...,
છછુંદરોનું છૂ...છૂ...છૂ...,
ભમરા ગૂંજે ગૂ...,ગૂ...ગૂ...,
આ કુંજનમાં શી કક્કાવારી?
હું કુદરતને પૂછું છું,
ઘુવડ સમા ઘૂઘવાટ કરતો,
માનવ ગરજે હું...હું...હું..!

- મીન પિયાસી

'કબુતરને કુવો સૂઝે'- આ કહેવત વડીલોના મુખે સાંભળેલી... 'કબૂતરોનું ઘૂ...ઘૂ...ઘૂ...' આ કવિતા પ્રાથમિકમાં એ જમાનાના અમારા ફાઈનલ પાસ ગુરુજીએ સાભિનય ભણાવેલી. એ હજીયે સ્મરણપટ પર તાજી છે... ઘર પાસેના મંદિરવાળા કુવે ગામ - ફળિયાનાં સૌ પાણી ભરવા આવતાં... આમ તો મોટેભાગે દરેક કુટુંબની એક સહિયારી કૂઈ તો ઘર પાછળના વાડામાં હોય જ... બપોરના સમયે કબૂતરો કુવાના ગોખમાં, કંદોરીએ કે પીપળો ઉગ્યો હોય તો એની ઓથમાં છુપાઈને ઘૂ...ઘૂ...ઘૂ...નો અવાજ કરતાં ને પેલી કવિતા યાદ આવી જતી. કવિતાનો મર્મ તો મોટા થયા ને સમજાયો... મારા આ ગુરુજનોએ ઘુવડ સમા ઘૂઘવાટ કરતા મારા 'હું' ને જરા તરા લીસો કરી મને 'હું' માંથી એક આદર્શ વિદ્યાર્થી-ઉમદા વ્યક્તિ બનવાનો માર્ગ ચીંધ્યો.

દોસ્તો, આ 'હું' એટલે અંગ્રેજીનો 'I' અને 'I is always capital' મારા ગુરુજીઓ એટલે કે તે મહાનુભાવોએ મને ભાન કરાવી કે 'I know that I know nothing.'

હમણાં સાયકલીંગ માટે નીકળેલા એક નિવૃત્ત શિક્ષક મને જોઈ સહજ ભાવે મળવા આવ્યા. પ્રફુલ્લ ચહેરે ઊંડો પરિતોષ છલકતો હતો. સહજ ભાવે વાતે વળગ્યા... આજથી લગભગ ચાર દાયકા પૂર્વે અંતરિયાળ ને અતિ પછાત ગામડાની માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે જોડાયા તે દિવસોનો સંઘર્ષ યાદ કર્યો. દેશી નળિયાં વાળા છાપરા જેવી ભાડૂતી શાળા - ધૂળી નિશાળ જેવી કોઈ કારણસર સંચાલકે આ ગ્રાન્ટેડ શાળા બંધ કરવાનો નિર્ણય કર્યો ત્યારે આ શિક્ષકે ગામ લોકોને સમજાવ્યા ઉપરાંત ગાંઠની માતબર રકમ કાઢી મકાન બાંધકામ શરૂ કરાવ્યું અન્ય સહકાર્યકર શિક્ષકોએ પણ યથાયોગ્ય યોગદાન આપ્યું. ઉપરાંત લોક ફાળો મેળવી ગ્રાન્ટેડ શાળાને બંધ થતી અટકાવી. આજે ધોરણ ૧૨ સુધીનું શિક્ષણ આ શાળામાં ચાલી રહ્યું છે.- એક શિક્ષકની સાચ દિલી નિષ્ઠાએ જ્ઞાનધારાને જીવતી રાખી એને વંદન કરવા ઘટે! આજે ગ્રામ્ય વિસ્તારની ગ્રાન્ટેડ શાળાઓને લૂણો લાગ્યો છે, દિનપ્રતિદિન ટપો ટપ ખરતી જાય છે... સવેળા જાગવાની જરૂર છે.

એક સમયે ગુરુજી શિક્ષકને માનાર્થે "પંતુજી" શબ્દથી નવાજતા... પંત એટલે મુખ્ય ગામમાં સામુદાયિક કે સાર્વજનિક કાર્ય માટે શિક્ષકની સલાહ લેવાતી. શિક્ષક ગામ અને વિદ્યાર્થીની પાશ્વભૂમિકાથી વાકેફ હોય એટલે એને આગળ લઈ જવા શું કરવું એનું યથા યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી શકે છે. આવા શિક્ષકો વિદ્યાર્થીને 'વિજય ભવ' ના આશીર્વાદ આપે છે. અને શિષ્યો ગુરુજીનો 'જય' ઈચ્છે છે. આ જ સાબિત કરે છે કે ભારત વર્ષમાં શિક્ષણ પ્રણાલી કેટલી વિશિષ્ટ અને અદભુત છે!

દોસ્તો, ભારતભૂમિ પર વિદ્યાનો પ્રારંભ 'દક્ષિણામૂર્તિ' એવા ભગવાન સદાશિવ થી થયો હતો. ઉપનિષદ શબ્દ સ્વયં ગુરુ-શિષ્યના નિષ્ઠાપૂર્વકના સંવાદને અભિવ્યક્ત કરે છે. રામાયણ-મહાભારત કાળમાં વિશ્વામિત્ર - રામ, વશિષ્ઠ- રામ, વાલ્મિકી-લવ અને કુશ, ગુરુ દ્રોણાચાર્ય-પાંડવો-કૌરવો, શ્રીકૃષ્ણ-અર્જુન, કર્ણ,એકલવ્ય... મધ્ય યુગમાં શંકરાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય... આધુનિક કાળમાં દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ- વિવેકાનંદ, શ્રીમદ રાજચંદ્ર-ગાંધીજી, મહર્ષિ અરવિંદ... આવા અગણિત ગુરુજનોએ શિષ્યોને મહાજ્ઞાની બનાવ્યા છે. પછી તો ગીજુભાઈ નાનાભાઈ, મૂળશંકર ભટ્ટ, હરભાઈ ત્રિવેદી વગેરે જ્ઞાનની જંગમ વિદ્યાપીઠોએ ભવસાગર તરવાના પાઠ શીખવ્યા છે. ૧૯ અને ૨૦ મી સદીમાં જે મોટા-મોટા નામ આપણી પાસે હતા, તેટલું મોટું નામ આજે એક પણ નથી. આઝાદ થયા

અનુસંધાન પાના નં. ૭ પર

# અત્યાર સુધી ક્યારેય મેં આ ક્ષેત્રમાં હાથ અજમાવ્યો નહોતો




તે દિવસે પણ હું રોજની જેમ લટાર મારવા નીકળ્યો હતો. મારા ઘરની પાસે જે મ્યુનિસિપલ ગાર્ડન હતો ત્યાં સાંજ પડે મોટાં-નાનાં ઘણાં લોકો આવતાં. મને પણ પ્રકૃતિ સાથે સમય વીતાવવો ખૂબ ગમતો એટલે ત્યાં જઈને બેસવું એ મારો રોજનો ક્રમ હતો.

હું એક બાંકડો શોધીને બેસવા જ જતો હતો કે કોઇકે મને બૂમ મારી, ''એ... મોહકપ..''. મારું ધ્યાન એ તરફ ગયું. થોડે દૂર પાંચ-છ વૃધ્ધો બેઠા હતા. એમાંથી કોઈક મને બોલાવી રહ્યું હતું. ''અરે, રમણકાકા! કેમ છો?'' મેં એમની પાસે પહોંચીને એમને પ્રણામ કર્યા.

રમણકાકા મારા પિતાજીની ઓફિસમાં સહકર્મચારી હતા. પિતાજી રિટાયર થયા ત્યાં સુધી ક્યારેક-ક્યારેક એમને મળવાનું થતું. તે પછી ઘણાં વખતે આજે મેં એમને જોયા.

''તમારી તબિયત કેવી છે, રમણકાકા?'' મેં સંવાદ ચાલુ રાખ્યો. ''ઘોડા જેવી!'' એ હસી પડ્યા. ''કેમ, હું તને દૂરથી જોઈને ઓળખી ના ગયો કે આ તો કિરીટભાઈનો મોહક જ છે? આટલાં વર્ષે પણ મારી નજરની તારે દાદ ના આપવી જોઈએ?'' હું પણ હસ્યો, ''હા, હોં, રમણકાકા! તમને મળીને ઘણો આનંદ થયો.'' એ બોલ્યા, ''બીજું બધું પછી, પહેલાં એ કહે કે કિરીટભાઈ શું કરે છે? એમની રિટાયર્ડ લાઈફ કેવી જાય છે?'' મેં મ્લાન વદને કહ્યું, ''કાકા, પપ્પાને ગુજરી ગયે તો સાતેક મહિના થયા.''

એમના ચહેરા ઉપર દિલગીરી છવાઈ ગઈ, ''એમ? વેરી સોરી...મને ખબર નહોતી. આ તો તને અહીં જોયો એટલે મને થયું કે તને બોલાવું. અહીં આવ, બેસ, આ અમે બધા રિટાયર્ડ મિત્રો સાંજ પડે અહીં મળીએ, બે ઘડી સુખ-દુઃખની વાતો કરીએ, ચાર માણસોને જોઈએ એટલે અમારો ટાઈમ ય જાય.'' મેં કહ્યું, ''હા, કાકા, સારું ગોઠવ્યું છે તમે લોકોએ. એ બહાને બધાંને મળાય પણ ખરું અને સમય પણ પસાર થઈ જાય. હું પણ અહીં આવું છું પણ ઓફિસેથી છૂટીને મોડો આવું એટલે કદાચ તમે નીકળી જતા હશો. એટલે હજી સુધી આપણે મળવાનું નહીં થયું હોય.''

રમણકાકાએ મને હાથ પકડીને બેસાડયો અને બધાંની સાથે મારી ઓળખાણ કરાવી. એમના બધા મિત્રો-ગોવિંદકાકા, વિષ્ણુકાકા, સુમનકાકા, હસમુખકાકા અને યશવંતકાકા- સરળ પ્રકૃતિના પ્રેમાળ વડીલો હતા. એમને બધાને પણ મારી સાથે સારું ગોઠી ગયું. પછી તો મારો રોજનો ક્રમ થઈ ગયો. ઓફિસેથી છૂટીને હું દોડાદોડ ગાર્ડનમાં પહોંચું ત્યાં એ લોકો જવાની તૈયારી કરતા હોય. દસ-પંદર મિનિટ એમની સાથે હું ગાળી શકતો. એક વાર વાતમાંથી વાત નીકળી ત્યારે રમણકાકાએ કહ્યું, ''આ મોહક છાપાંમાં લખે છે એ તો મને ખબર જ નહીં! અલ્યા, તું કોલમિસ્ટ છે?'' મેં હસતાં-હસતાં કહ્યું, ''હા, કાકા, મને લેખનનો શોખ છે. એ અખબારના તંત્રી મારા લખાણને છાપવાલાયક ગણે છે એટલું મારું નસીબ સારું!'' રમણકાકા બોલ્યા, ''આ અમારો યશવંત પણ કંઈક લખે છે ખરો હોં! યશવંત, કહે ને, તું શું લખે છે?''

યશવંતકાકા ધીમેથી બોલ્યા, ''હા....એટલે...મને પણ વાર્તાઓ લખવાનો શોખ ખરો. કોઈ-કોઈ વાર ક્યાંક-ક્યાંક મારી વાર્તાઓ છપાય છે.'' મેં કહ્યું, ''એ તો બહુ સારી વાત છે, કાકા. આજ-કાલ શું લખો છો?'' યશવંતકાકા બોલ્યા, ''હમણાં તો એક મહાન અંગ્રેજી લેખકની કૃતિઓનું ગુજરાતીમાં ભાષાંતર કરી રહ્યો છું.''

મને વાતમાં રસ પડ્યો. અત્યાર સુધી ક્યારેય મેં આ ક્ષેત્રમાં હાથ અજમાવ્યો નહોતો. મેં કહ્યું, ''યશવંતકાકા, હું તમને તમારા કામમાં ક્યાંય મદદરૂપ થઈ શકું તો મને ચોક્કસ કહેજો. મારે પણ એ બહાને એ કૃતિઓ વંચાશે અને સાહિત્યિક કૃતિઓનું ભાષાંતર કેવી રીતે કરી શકાય એ શીખવા મળશે.''

યશવંતકાકા ખુશ થયા, ''એ તો બહુ સારું, ભાઈ! તું ફ્રી હોય ત્યારે મને કહેજે. કેમકે હું રહ્યો જૂના જમાનાનો માણસ! અમુક વખતે ઈન્ટરનેટને શરણે જવું પડે પણ એ મને ન ફાવે. સામે દેખાય છે તે મારું ઘર, પણ એ જરા નાનું છે અને મારાં ત્રણ પૌત્ર-પૌત્રીઓ પણ નાનાં છે એટલે હું તને ઘરે આવવાનું બહુ કહી શકું એમ નથી. '' હું હસી પડ્યો, ''એમાં શું, કાકા? તમે મારા ઘરે આવો. મારું ઘર ઠીક-ઠીક મોટું પણ છે અને મારે હજી બાળકો પણ નથી એટલે પૌત્ર-પૌત્રીનો તો સવાલ જ નથી!''

અમારી જોડી જામી ગઈ. અઠવાડિયામાં ત્રણેક વાર સાંજે એ મારા ઘરે આવતા. અમે મારા રૂમમાં બેસતાં ને ભાષાંતરનું કામ કરતાં. ગાર્ડનમાં જવાનો મને હવે સમય જ મળતો નહોતો.

પારૂલને પણ યશવંતકાકા માટે પૂજ્યભાવ હતો. કોઈક વાર કોઈ કારણોસર યશવંતકાકા ત્રણ-ચાર દિવસમાં ઘરે ન આવે તો પારૂલને એમની ફિકર થતી, ''કહું છું, આ યશવંતકાકા બિમાર તો નહીં હોય ને? કાલે હું માર્કેટમાં ગઈ હતી તો એમને સફરજન ભાવે છે તે લેતી આવી છું.'' મારા ચહેરા ઉપર હળવું હાસ્ય જોઈને એ કહેતી, ''મને એમનામાં બાપુજીનો ચહેરો દેખાય છે. બાપુજીની સેવા કરવાનો મોકો ભગવાને યશવંતકાકાને મોકલીને ફરીથી આપ્યો છે.'' અમારે પિતા-પુત્ર જેવા આત્મીય સંબંધો સ્થપાઈ ગયા હતા. ક્યારેક મને શરદી-ખાંસી થાય તો પણ યશવંતકાકા ઊંચા-નીચા થઈ જતા. એક દિવસ યશવંતકાકા સાંજે આવ્યા ત્યારે એમને બોલવામાં તકલીફ થતી હતી. પારૂલ આદુવાળી ચા બનાવીને લાવી. તે દિવસે મેં એમને પાસે બેસાડીને બોલવાની તકલીફ આપ્યા વગર ભાષાંતરનું ઘણું કામ કર્યું. એ ઘણા ખુશ થયા. ઈશારાથી મને સમજાવ્યું કે હવે હું મારી રીતે પણ ઘણું કામ કરતાં શીખી ગયો છું. પછી તો એમની ગળાની તકલીફ પણ બે'ક દિવસમાં દૂર થઈ ગઈ હતી. પારૂલના માયાળુ સ્વભાવથી પણ એ ખુશ હતા. અમારું કામ હવે પૂર્ણતાના આરે હતું. યશવંતકાકા હવે અઠવાડિયામાં પાંચેક દિવસ મારા ઘરે આવતા. મને કહેતા કે આ ભાષાંતર પુસ્તક સ્વરૂપે છપાવવા માટે એમણે પ્રકાશક સાથે વાત પણ કરી લીધી છે. સંપૂર્ણ ભાષાંતર થઈ ગયા પછી મેં અને પારુલે નક્કી કર્યું હતું કે અમે પેંડા લઈને સીધા જ એમને ઘરે પહોંચશું.

એ દિવસ પણ આવી ગયો. ભાષાંતરનું કામ સરસ થયું હતું એવી મને શ્રદ્ધા હતી. મેં યશવંતકાકાને કહ્યું, ''કાકા, ઈશ્વરની કૃપાએ આપણું કામ પૂરું થઈ ગયું. કાલે તમને એક સરસ સરપ્રાઈઝ મળશે.'' એ પ્રેમાળ ચહેરે મને જોઈ રહ્યા.

બીજા દિવસે સાંજે હું ઓફિસેથી વહેલો આવી ગયો. હું અને પારૂલ તૈયાર થઈને પેંડાના બોક્સ સાથે એમના ઘરે પહોંચ્યાં. એમણે શરૂઆતમાં મને ઘર બતાવ્યું હતું એ મને આછું-પાતળું યાદ હતું. મેં ડોરબેલ વગાડી. સાદાં-સીધાં દેખાતાં એક વૃદ્ધાએ બારણું ખોલ્યું. મેં કહ્યું, ''માસી, યશવંતકાકા.......? એમનું ભાષાંતરનું કામ પૂરું થઈ ગયું છે.'' માસીની આંખોમાં ચમક આવી, ''તું ....મોહક છે ને? આવ, બેટા, એ દોઢેક મહિના પહેલાં ગળાનાં કેન્સરને કારણે દેવલોક પામ્યા ત્યારે મને કહેતા ગયા હતા કે એક મોહક નામનો યુવાન આવશે. એને કહેજે કે પુસ્તકમાં ભાષાંતરકારમાં એનું પોતાનું નામ પણ લખે.''

હું ને પારૂલ જડવત ઊભાં હતાં. માસીના ગળે ડૂમો ભરાઈ આવ્યો, ''આ ભાષાંતર કરવાનું એમનું કેટલાય વર્ષોનું સપનું હતું. છેક છેલ્લી ઘડી સુધી એમની જીભે ''ભાષાંતર'', ''મોહક'' અને ''પારૂલ''- એટલા શબ્દો રમ્યા કરતા હતા.'' હવે સરપ્રાઈઝ થવાનો વારો મારો અને પારૂલનો હતો.

# પોલિટિક્સનું પોલિમર, કૃત્રિમ કે કુદરતી!




ગયા લેખમાં તમે જોયું ને કે બચુભાઈ મારો કેવો વિશ્વાસઘાત કરી ગયા. મારી બધી આશા-અભિલાષાઓનો કચરો કરી એ તો ચાલ્યા ગયા અને મેં મનમાં ગાંઠ વાળી કે પોતાના ઘરથી આગળ બીજું કંઈ વિચારી જ ના શકે એવા ગરીબ માણસને નેતા નથી બનાવવો. હવે તો કોઈ વૈભવી, સાધનસંપન્ન ઘરમાંથી જ ઉમેદવાર શોધવો છે. માણસને માથે કુટુંબની જવાબદારી ના હોય તો જ એ સામાજિક જીવનમાં આગળ આવી શકે છે એવા બે દાખલા પણ મને તરત મળી ગયા.

આપણે જેવું વિચારીએ એવું જ થઈ જતું હોત તો જોઈતું'તું જ શું? એક અમીર ઘરના યુવા નેતાને શોધતા શોધતા મારી આંખે પાણી આવી ગયાં. એવું નહોતું કે અમારા શહેરમાં સાધન સંપન્ન લોકોનો દુકાળ પડ્યો'તો પણ આજના યુવાનો કંઈક અલગ જ ભાંજગડમાં વ્યસ્ત હતા. મોટા ભાગનાને તો પોતાનો દેશ છોડી વિદેશ ભણવા ચાલ્યા જવું હતું અને પછી ત્યાં જ રહી પડવું હતું. વિદેશની જે હાથ લાગે તે યુનિર્વસિટીમાં એડમીશન લઈ અહીંથી ભાગી જવું હતું. એમના મતે વિદેશમાં સારી તક છે અને અહીંયા કોઈ યુવાઓને સમજતું જ નથી! બીજા કેટલાકને વળી સરકારી ખાતામાં ઉચ્ચપદ પર બિરાજમાન થવું હતું અને એ વરસોથી એની પરીક્ષામાં લાગી પડયા છે. પ્રિલીમ, મુખ્ય પરીક્ષા અને છેલ્લે ઈન્ટરવ્યૂ એ સિવાય એમને બીજું કંઈ દેખાતું જ નથી. મને લાગે છે કે એમણે બાળપણમાં વાંચેલી પેલી નાનકડી વાર્તા, 'વણતાં જાળ કરોળિયો' વધારે પડતી ગંભીરતાથી લઈ લીધી છે. જેમ કરોળિયો એક વાર પડે, બે વાર પડે તોય ફરી ને ફરી દીવાલ પર ચઢવાનું ચાલું રાખે એમ આ લોકો પણ એક વાર નાપાસ થાય, બે વાર નાપાસ થાય તોય જ્યાં સુધી સરકાર એમને પરીક્ષા આપવાને લાયક સમજે છે એ પરીક્ષા આપ્યા જ કરવાના...

બાકી બચેલા યુવાનો કાં તો પ્રેમમાં પડેલા હતા કાં તો રિલ્સ બનાવી રહ્યા હતા. એક ઠીકઠાક દેખાતા પણ હોનહાર લાગતા છોકરાને મેં પૂછેલું કે ભાઈ તું આપણા વિસ્તારનો ભાવી ધારાસભ્ય બનીશ? એ મારો બેટો તરત રાજી થઈ ગયેલો. મને કેટકેટલા તો સવાલ પૂછ્યાં હતાં. એનો ઉત્સાહ જોઈ મેં પણ વિસ્તારથી એને બધું સમજાવેલું. આજના યુવાનો ધારે તો દેશની શકલ બદલી શકે છે. સ્વામી વિવેકાનંદે કહેલું એક વાક્ય, તમે મને સો યુવાનો આપો અને હું આખો દેશ બદલી કાઢીશ, મારા મનમાં રમી રહ્યું હતું. એક બાજુ સુભાષચંદ્ર બોઝ દેખાઈ રહ્યા હતા જે કહી રહ્યા હતા, તુમ મુજે ખૂન દો મેં તુમ્હે આઝાદી દૂંગા! મારી નસ નસમાં લોહી તિવ્ર ગતિથી વહેવા માંડેલું. મને એમ કે એક અતિયોગ્ય એવો યુવા નેતા મેં શોધી લીધો ત્યાં તો એ છોકરો મને 'થેંક યુ આન્ટી' કહી ચાલવા લાગ્યો. મેં એને રોક્યો ત્યારે એ હસતાં હસતાં કહે, તમે શું સમજ્યા? હું તો રીલ બનાવી રહ્યો હતો! આ સામે ઊભેલો મારો ભાઈબંધ એના મોબાઈલથી આપણું શૂટિંગ ઉતારી રહ્યો હતો. હું આ રીલ ઈંસ્ટાગ્રામ પર મૂકીશ કહો તો તમને પણ સાથે ટેગ કરું.

એક વાર તો થયું કે એ ટેગિયા પર અપશબ્દોનો વરસાદ વરસાવું પણ તરત પાછું મન એને ઠેકાણે આવીને ગોઠવાઈ ગયું. વેબ સિરીઝ જોવાય પણ એ જોઈ ગાળો બોલતાં ના શિખાય એ મારું જ વાક્ય મારા માટે જ બાધક બન્યું હતું. થયું કે અહીંયા કોઈ સારો નેતા મળવો મુશ્કેલ છે અને હું મારો આ પ્રયાસ પડતો મૂકવાનું વિચારી રહી હતી કે ત્યાં જ એક યુવક સામેથી મને મળવા આવ્યો હતો. મસ્ત સફારી સૂટમાં સજ્જ એ દેખાવે ખાસ્સો આકર્ષક હતો. મને કહે મે'મ મેં સાંભળ્યું છે આપ યુવા નેતા માટે ઉમેદવાર શોધી રહ્યાં છો. આપ મને યોગ્ય ઘણો તો હું તૈયાર છું.

મારે તો ચારે કોઠે દીવા થઈ ગયા અને તોય આગળનો બચુભાઈ વાળો પ્રસંગ યાદ કરી મેં એ યુવકને બરાબર ટટોળ્યો. એના કહેવા મુજબ થોડા વખત પહેલાં જ એની પ્રેમિકા એક એન.આર.આઈ સાથે લગ્ન કરીને વિદેશ ચાલી ગયેલી અને ત્યારથી એના મનમાં કાળ ચઢ્યો છે. એણે નક્કી કર્યું છે એ આ દેશને એટલો આગળ લાવશે કે થોડાક જ વરસોમાં અમેરિકા અને યુરોપના લોકો આપણા દેશનો વિઝા મેળવવા લાઈનમાં ઊભા હશે. જે લોકો વિદેશ ભાગી ગયા છે એ બધા અવળા ડગલાં ભરતાં ભારત પાછા આવશે. એ ફરીથી આ દેશને સોનેકી ચિડિયા બનાવીને જ જપશે, વગેરે વગેરે... હાશ, મારે જે જોઈતું હતું એ મને મળી ગયું!

એક બાદ એક ઝડપથી પસાર થઈ ગયેલા ચાર મહિના એ યુવાને જે રીતે કામ કર્યું...વાત ના પૂછો! દરેક ડિપાર્ટમેન્ટ પર ઓનલાઈન/ઓફલાઈન અરજીઓ ઠોકી બધા સાહેબોને એમની ખુરશીમાં ઊંચાનીચા કરી મેલ્યા હતા. કેટલાય ધરણા પર બેઠેલા લોકોને બે વખત ચા પાઈ અને કંઈક કાનાફુંસી કરી પોતાના પક્ષમાં ભેળવી લીધેલા. સ્કૂલ કોલેજમાં જઈ એવા તો જુસ્સાભેર ભાષણો આપેલાં કે વિદ્યાર્થીઓમાં એ સૌનો લાડકો થઈ ગયો હતો. એના ભાષણના રિલ્સ વાઈરલ થઈ રહ્યાં હતાં. હું ખુશ હતી પણ એ ખુશી જાજુ ટકી નહીં...!

એક વાર રાતના બે વાગ્યે એનો વિડિયો કૉલ આવેલો. એની સાથે એક સુંદર યુવતી પણ હતી. મને કહે, મેડમજી આ ટીના છે. એ મને પ્રેમ કરે છે. હું પણ એને ચાહવા લાગ્યો છું. મારા મનમાં અચાનક જ ફાળ પડી ત્યાં તો એ કહે, અમે બંને એ લગ્ન કરીને ભૂટાન ચાલ્યા જવાનો નિર્ણય લીધો છે. અહીંના પ્રદૂષણ ભર્યા વાતાવરણથી દૂર ભૂટાનના શુધ્ધ હવા પાણીમાં અમે અમારા સંતાનને જનમ આપશું. મેં કહ્યું, અલ્યા ભૂતડા, સોરી ભાઈ પણ આ દેશનો તું જરાક તો વિચાર કર. તું આટલો સ્વાર્થી કેમનો થઈ ગયો? તું આમ આદર્યા અધૂરા મેલીને કેમનો ચાલ્યો જઈશ?

હું કકળાટ કરતી રહી અને એ હીરો એની હીરોઈનને લઈને ચાલ્યો ગયો. મારી સ્થિતિ પાછી જૈસે થે વૈસે જેવી થઈ ગઈ. એ ઘડીએ મને વરસોથી રાજકારણમાં રહી પોતાના આખા જીવનનું રાજનીતિમાં યોગદાન આપનાર દરેક નેતા મહાન લાગ્યો હતો. મને એટલો તો ખ્યાલ તો આવી ગયો કે કોઈ ગરીબ કે કોઈ ખૂબ શ્રીમંત માણસ જ સારો નેતા બની શકે છે એ થિયરી સાવ ખોટી છે, નેતા બનવાને અને અમિરી-ગરીબીને ક્યાંય નહાવા નીચોવાનોય સંબંધ નથી. છેલ્લે મને મધ્યમવર્ગમાંથી નેતા શોધી લેવાની તીવ્રતમ ઈચ્છા થઈ આવી હતી પણ પછી મેં સમજીને એ ભગીરથ કાર્ય પડતું મૂક્યું.

સામાજિક કામ કરતા રહેવા માટે તમારા લોહીમાં જે પેલું અજાણ્યું કેમિકલ હોવું જોઈએ એની હજી મને જાણ થવાની બાકી છે.

**અમસ્તું,**

શક્તિ ઠીક છે, મૂર્ખતા સામાન્ય રીતે હાનિકારક છે. શક્તિ અને મૂર્ખતા એક સાથે ખતરનાક છે. -પેટ્રિક રોથફસ,

ફેસબુકઃ @Niyatikapadia,
ઈંસ્ટાગ્રામઃ @kapadianiyati, @Niyati_Kapadia